# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
## (ગુજરાત એક્ટ નં.૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)
## Shri Govind Guru University
## ( Established vide Gujarat Act No. 24/2015)

સરકારી પોલિટેકનીક કેમ્પસ
ગદક્પુર, ગોધરા
જિલ્લો પંચમહાલ પિન કોડ 389001

Government Polytechnic Campus
Gadukpur, Godhara
Dist. Panchmahals Pin Code 389001

નં.એસજીજીયુ/પીજી/સેન્ટર/૨૦૧૭/૫૯૪૪

તા. ૨૧/૦૬/૨૦૧૭

**શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી માન્ય એમ.એ. (પી.જી. કેન્દ્ર) પ્રથમ સેમેસ્ટર પ્રવેશ અંગે સુચના**

**પરિપત્ર-૨૩૬**

શ્રીમાન,

માનનીય કુલપતિશ્રીના આદેશાનુસાર શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮ માટે એમ.એ. અભ્યાસક્રમના શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી માન્ય અનુસ્નાતક કેન્દ્રમાં વિદ્યાર્થીઓના પ્રવેશ માટે નીચેની બાબતોનું ખાસ ધ્યાન રાખવા તેમજ સૂચનાઓ અને આદેશોનું ચુસ્તપણે પાલન કરવા જણાવવામાં આવે છે.

1. પ્રવેશની સંપૂર્ણ જવાબદારી પ્રોફેસર ઇન્ચાર્જશ્રીની રહેશે.
2. આપની કૉલેજમાં યુનિવર્સિટી માન્ય પી.જી.કેન્દ્રમાં જે વિષયો ચાલતા હોય તેની માહિતી આપની કૉલેજના નોટીસ બોર્ડ પર વિદ્યાર્થીને સ્પષ્ટ વંચાય તે રીતે મુકશો.
3. (અ) પ્રવેશ ફોર્મ કોલેજે છાપીને માત્ર રૂ. ૫૦/- કિમતે વિધાર્થીઓને આપવાના/વિતરિત કરવાના રહેશે.
   (બ) પેમ્પલેટ,બ્રોશર કે અન્ય સ્વરૂપના નામેથી ફોર્મની કિંમત રૂ. ૫૦/- થી વધારે લઇ શકશે નહિ.
4. ફોર્મ પરત લેતી વખતે વિદ્યાર્થીને ફરજીયાત પહોંચ આપવાની રહેશે.
5. વિદ્યાર્થીને પ્રવેશ મેરીટના આધારે જ આપવાનો રહેશે. ઓર્ડીનન્સીસ એન્ડ રેગ્યુલેશનમાં જણાવ્યા મુજબ પ્રવેશ કાર્યવાહી કરવી. (વિગત યુનિવર્સિટીની વેબસાઈટ પરથી મળી શકશે.) જેમાં સંલગ્ન વિષયોમાં નિયત ઈન્ટેક કેપેસીટી પ્રમાણે જ પ્રવેશ આપી શકાશે. ઇન્ટેક કેપેસીટી કરતા વધારાના આપેલ પ્રવેશ માન્ય ગણાશે નહી તેમજ તેની સઘળી જવાબદારી આચાર્યશ્રી/પ્રોફેસર ઇન્ચાર્જશ્રીની રહેશે
6. દરેક કૉલેજે નીચે પ્રમાણે સ્પષ્ટ જાહેરાત કૉલેજના પ્રવેશ દ્વાર પાસે મુકવી (જમ્બો ઝેરોક્ષમાં મુકવું)
   1. મેરીટ યાદીમાં નામ આવતાં ક્રમશઃ જ્યાં નિયત સંખ્યા સમાપ્ત થશે ત્યાં પ્રવેશ બંધ થશે.
   2. મેરીટ અનુસાર યાદીમાં નામ આવવાથી પ્રવેશ ફાઈનલ થતો નથી, આગળના મેરીટ ધરાવનાર કેટલા વિધાથી પ્રવેશ લે છે તેના પર આધાર રાખે છે.
   3. મેરીટ યાદીઓ નિયત તારીખે જ જાહેર કરવી અને ત્યારબાદ જ ફી સ્વીકારવાની કાર્યવાહી કરવાની રહેશે. વિદ્યાર્થીએ સમયસર હાજર રહેવું સીટોની ઉપલબ્ધતાને આધારે પ્રવેશ પ્રક્રિયા ચાલુ રહેશે.

સરકારી પોલિટેકનીક કેમ્પસ Government Polytechnic Campus
ગદકપુર, ગોધરા Gadukpur, Godhara
જિલ્લો પંચમહાલ પિન કોડ 389001 Dist. Panchmahals Pin Code 389001


4. નિયત તારીખે ફી નહીં ભરનારનો પ્રવેશ પર કોઈ અધિકાર રહેશે નહીં, આ બાબતે વાંધા-વિરોધ-વિવાદ સંભાળવામાં આવશે નહીં.
5. પ્રવેશ માટે કોઇપણ એજન્ટ/મધ્યસ્થી સાથે નાણાકીય વ્યવહાર કરવો નહી.
6. નિયમાનુસાર ડીવીઝન/વિષય દીઠ સંખ્યા ભરાઈ જતા પ્રવેશ બંધ થશે.
7. દરેક કૉલેજ ચુસ્ત રીતે મેરીટ અનુસાર જ પ્રવેશ આપશે. મેરીટ લીસ્ટ બહારનો એકપણ પ્રવેશ આપવો નહી. અન્યથા તે પ્રવેશ રદ્દ ગણાશે તથા તે વિદ્યાર્થીનું રજીસ્ટ્રેશન થશે નહી અંને તેની સઘળી જવાબદારી પ્રોફેસર ઇન્ચાર્જશ્રીની રહેશે.

1. અનામત કક્ષાના વિદ્યાર્થીઓને જાતિના પુરાવાની નકલ સાથે અરજી આપવાની રહેશે.
2. બક્ષીપંચના વિદ્યાર્થીઓ પાસેથી માન્ય નોન ક્રીમીલેયર સર્ટિફીકેટ વિદ્યાર્થીએ રજુ કરવું ફરજીયાત છે.
3. પ્રવેશ શીડ્યુલમાં નક્કી કરાયા મુજબ ઓપન મેરીટની યાદીમાં, ગુણવત્તાના ધોરણે આવતા તમામ વિદ્યાર્થીઓનો  સમાવેશ કર્યા બાદ જ અનામત કક્ષામાં આવતા વિદ્યાર્થીઓની મેરીટ યાદી જાહેર કરવાની છે.ઓપન મેરીટમાં આવતા વિદ્યાર્થીઓને તે પ્રમાણે પ્રવેશ આપવો તેમને અનામત યાદીમાં સમાવવા નહીં, યુનિ. ની મંજુરીથી અનામત જગ્યાઓ ઓપનમાં બદલાવવાની રહેશે.
4. અનામતની ટકાવારીની જગ્યાઓ, ઓપન મેરીટનો સમાવેશ ફાઈનલ ના થાય ત્યાં સુધી કોઇપણ સંજોગોમાં ભરવી નહી કે ઓપન કરવી નહીં. અન્યથા આચાર્યશ્રીની કાયદેસરની સંપૂર્ણ જવાબદારી રહેશે.
5. અનામત જગ્યાઓની ટકાવારી

| | |
|---|---|
| અનામત જગ્યાઓની ટકાવારી | ડીવીઝન/વિષય દીઠ |
| (અ) અનુસુચિત જાતિ | ૭% |
| (બ) અનુસુચિત જનજાતિઓ | ૧૫% |
| (ક) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ | ૨૭% |
| (ડ) મહિલા અનામત | સરકારશ્રીના નિયમ મુજબ |

(ઇ) વિકલાંગ ............ 3% (તમામ કક્ષામાં સમાવિષ્ટ)

(અ) અનામત જગ્યાઓ કુલ ૫૯% રહેશે.

(બ) ઓપન જગ્યાઓ ૪૧% રહેશે.

Special Provision for Concession for the wards of kashmiri migrant (MHRD Letter No.3-1/2012 NER-Dated:7th March-2013

(i) Relaxation in CUT OFF percentage up to 10% subject to minimum eligibility requirement.
(ii) Increase in intake capacity up to 5% course-wise.
(iii) Reservation of at least one seat in merit quota in technical/professional institution.
(iv) Waiving of domicile requirements.

# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
## (ગુજરાત એક્ટ નં.૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)
## Shri Govind Guru University
## ( Established vide Gujarat Act No. 24/2015)

સરકારી પોલિટેકનીક કેમ્પસ
ગદુકપુર, ગોધરા
જિલ્લો પંચમહાલ પિન કોડ 389001

Government Polytechnic Campus
Gadukpur, Godhara
Dist. Panchmahals Pin Code 389001

8. ફોર્મ લેવાની તારીખ સમાપ્ત થયા પછી જે વિદ્યાર્થીઓના પરિણામ જાહેર થયા હોય કે સુધારો વધારો થયો હોય તેવા વિદ્યાર્થીઓના ફોર્મ કારણો સાથેની લેખિત અરજી લઇ, મેરીટમાં આવતા હોય તે ક્રમ મુજબ અને જગ્યા ખાલી હોય તેવા પ્રવેશ આપવાનું રાખવું.
9. શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી વિસ્તારની કોલેજોમાં સ્નાતક થયેલ હોય તે સિવાયના ગુજરાત યુનિવર્સિટી કે અન્ય યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને કોઈપણ સંજોગોમાં શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના પ્રોવિઝનલ એડમિશન એલીજીબીલીટી સર્ટીફીકેટ (P.A.E.C.) સિવાય પ્રવેશ આપવો નહીં.
10. પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓની ફી સ્વીકારતી વખતે અસલ માર્કશીટ અને રજીસ્ટ્રેશન માટે ત્રણ ફોટા અચૂક લેવા અને પ્રવેશ કાર્ય પૂરું ન થાય ત્યાં સુધી, ખાસ સંજોગો સિવાય અસલ ગુણપત્રક પરત કરવું નહીં, સદરહું નિયમો ચુસ્તપણે અમલ કરવો. કોઈપણ સંજોગોમાં આ માટે વિદ્યાર્થીઓને યુનિવર્સિટીમાં મોકલવા નહીં.
11. વિષયો અને પ્રવેશની પાત્રતા બાબતે સંપૂર્ણ ચકાસણી કરીને જ આચાર્યશ્રીએ પ્રવેશ આપવો. રજીસ્ટ્રેશન બાબતે યુનિવર્સિટી તરફથી અલગથી પરિપત્ર કરવામાં આવશે.
12. નોટીસ બોર્ડ ઉપર જે પ્રવેશ યાદીઓ મુકાય તેની નકલ ફરજીયાત રીતે સાંજના ૫:૦૦ વાગ્યા સુધીમાં રૂબરૂ/ઈ-મેલ (registrar@sggu.ac.in) પર શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીમાં નીચે દર્શાવેલ પત્રકમાં આપવાની છે. તેમાં ટકાવારી અચૂક લખેલ હોવી જોઈએ.

તારીખ__________ પ્રવેશયાદીનં.___________ કૉલેજનુંનામ____________

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | વિદ્યાર્થીના પ્રાપ્ત ટકા | કેટેગરી | બેઠકનં./માર્કશીટ નં. | રીમાર્ક |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |

13. અનામત કક્ષાના વિદ્યાર્થીઓની જગ્યાઓ

(અ) ઓપન કેટેગરીમાં ટ્રાન્સફર કરતા પહેલા યુનિવર્સીટીને પૂર્વમંજુરી લેવી ફરજીયાત છે.

(બ) દરેક કૉલેજ મેરીટ યાદી : ૧-૨ ........... મૂક્યા બાદ ફી લેવાના છેલ્લા દિવસ પછી એક દિવસ વધારવાનો આગળની યાદીના વિદ્યાર્થીઓને (ફી ભરવાનો/પ્રવેશ લેવાનો) આપવો, સાથે સાથે કેટલીક જગ્યાઓ ખાલી છે તે નોટીસ બોર્ડ પર સ્પષ્ટ મૂકવું. મેરીટ યાદીઓ ત્રણ થી ચાર જગ્યાએ મુકવી. સિક્યુરીટીની પાક્કી વ્યવસ્થા કરવી, જેથી અવ્યવસ્થાને સ્થાન ના રહે.

14. પ્રવેશ આપ્યા બાદ જો જગ્યાઓ ખાલી રહેતી હોય તો ઉપલબ્ધતાના આધારે કેન્દ્ર સરકાર/રાજ્ય સરકારના કર્મચારીઓ કે જેમની બદલી શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી માં થઇ છે તેમના બાળકોને ગુણવત્તાના ધોરણે પ્રવેશ આપવો.

સરકારી પોલિટેકનીક કેમ્પસ
ગદક્પુર, ગોધરા
જિલ્લો પંચમહાલ પિન કોડ 389001

Government Polytechnic Campus
Gadukpur, Godhara
Dist. Panchmahals Pin Code 389001


15. શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સીટી દ્વારા પ્રવેશ પ્રક્રિયા નિયમો મૂજબ થાય છે કે કેમ તે તપાસ માટે ઓબ્ઝર્વર નિમવામાં આવશે તેવો કુલપતિશ્રીને સીધો રીપોર્ટ આપશે. તેઓજે માહિતી માંગે તે કોલેજોએ આપવાની રહેશે.
16. એમ.એ. ની પરીક્ષા એક્ષટર્નલ વિદ્યાર્થી તરીકે પસાર કરનાર વિદ્યાર્થીને નિયમિત વિદ્યાર્થી તરીકે સેમેસ્ટરમાં પ્રવેશ આપી શકશે નહિ, આ નિયમનો ભંગ કોઈ પણ સંજોગોમાં કરવો નહિ.
17. સેમેસ્ટર પદ્ધતિમાં અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમોમાં નવા અભ્યાસક્રમના આધારે વિષયની પસંદગી આપવાની રહેશે.
18. નિયમિત કે મુલાકાતી અધ્યાપક દરેકે વધુમાં વધુ કોર્ષ દીઠ એક સેમેસ્ટરમાં ૪૦ થી વધુ વ્યાખ્યાનો લઇ શકશે નહિ.
19. એક વખત વિદ્યાર્થીએ જે વિષય સાથે અનુસ્નાતક પદવી મેળવી હોઈ તેજ વિષય સાથે ફરી થી તે અનુસ્નાતક કક્ષાએ કરી શકશે નહિ.
20. દરેક સેમેસ્ટરમાં વિદ્યાર્થીઓની હાજરી તમામ વિષયના અધ્યાપકશ્રીઓએ ફરજીયાત લેવી, જે વિદ્યાર્થીઓ સતત ગેરહાજર રહે તેમને નોટીસો આપી, તે પછીના સેમેસ્ટરમાં પ્રવેશ રદ કરવો. દરેક સેમેસ્ટરમાં હાજરી પત્રકોમાં તારીખ વાર હાજરી ભરી નિયત હાજરીપત્રકો દરેક સેમેસ્ટર સમાપ્ત થયા પછી ૧૫ દિવસમાં અલગ સ્ટેટમેન્ટ સાથે યુનિવર્સિટીને અચૂક મોકલવા. પ્રોફેસર ઇન્ચાર્જશ્રીએ જેમની હાજરી નિયમો મુજબ ઓછી હોય તેમના પરીક્ષા ફોર્મ રદ કરવા માટે પરીક્ષા શરૂ થવાના ૧૫ દિવસ પહેલા યુનિવર્સિટીમાં રેકર્ડ સહિત મોકલી આપવા. કોઈની ખૂટતી હાજરી યુનિવર્સિટી માફ કરશે નહિ તે બાબત વિદ્યાર્થીઓને જણાવવી તથા વિદ્યાર્થીઓને હાજરી માફ કરવા યુનિવર્સિટીમાં મોકલવા નહિ કે માન. કુલપતિશ્રીને ભલામણ કરવી નહી. પુરતી હાજરી સિવાય પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહિ. આ બાબતની જવાબદારી સંપૂર્ણ રીતે પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓની રહેશે.
21. વિદ્યાર્થીનો પ્રવેશ રદ કર્યો હોય તો તેની જાણ યુનિવર્સિટીને અવશ્ય કરવી.
22. સેમેસ્ટરની શરૂઆતમાં જ કૉલેજ /સંસ્થાના નોટીસબોર્ડ પર મૂકી વિદ્યાર્થીનુ ધ્યાન દોરવું કે નિયમાનુસાર દરેક સેમેસ્ટરમાં સંપૂર્ણ હાજરી રાખવી આવશ્યક છે, સેમેસ્ટર મંજુર થતા નહિ હોય તો પરીક્ષા પ્રવેશ રદ કરવામાં આવે છે. તેથી હાજરીની બાબતમાં નિયમિતતા રાખવી જરૂરી છે. આ નિયમ દરેક વર્ગમાં સમજાવવો. યુનિવર્સિટીમાં હાજરી પત્રકો સિવાય પરીક્ષા ફોર્મ સ્વીકારશે નહિ અને યુનિવર્સિટી હાજરી માફ કરશે નહિ. જેમના ફોર્મ હાજરીના કારણે રદ કરવાના હોય તેને જુદા સમયે લેખિત નોટીસો આપી જાણ કરવી અને પરીક્ષા શરૂ થવાના ૧૫ દિવસ પહેલા ફોર્મ રદ કરી વિદ્યાર્થીઓને જાણ પણ કરવી. તદ્દઅનુસાર યુનિવર્સિટીના પરીક્ષા વિભાગને ફોર્મ પરત ખેંચવા અંગે બેઠક નંબર સહીત જાણ કરશો.

23. વિદ્યાર્થીઓ ની ખૂટતી હાજરી માટે માત્ર પરીક્ષા ફોર્મ Withdraw કરવા ભલામણ કરવી. તે સિવાય તે પરત્વે કાર્યવાહી થઇ શકશે નહિ, ખૂટતી હાજરી માફ કરવા યુનિ. માં કેસ મોકલવા નહિ.
24. પરીક્ષા ફોર્મ રદ કરવાની જવાબદારી સંસ્થાના વડાશ્રીની રહેશે. યુનિવર્સિટી કાર્યાલય કે માન. કુલપતિશ્રી તે પરત્વે જવાબદાર રહેશે નહિ. તેની નોંધ લેવા વિનંતી છે.
25. એમ.એ. સેમેસ્ટર-૧ માં પ્રવેશ આપવા અંગેનું મેરીટ યુનિવર્સિટી ધારાધોરણ મુજબ નક્કી કરી પ્રવેશ આપવો.
26. રિઝલ્ટ જાહેર થયેલ હોઈ અને માર્કશીટ યુનિવર્સિટીમાંથી આવેલ ના હોઈ તેવા સંજોગોમાં ઈન્ટરનેટ પરથી ડાઉનલોડ કરેલ માર્કશીટ પ્રિન્સીપાલશ્રીના સહી સિક્કા કરાવી સામેલ કરે તો તેવા ફોર્મ સ્વીકારવાનું રાખવું. પ્રવેશ વખતે વિદ્યાર્થીએ અસલ ગુણપત્રક રજુ કરવાનું રહેશે તેવી સૂચના આપી બાહેંધરી લેવી.
27. સંસ્થામાં રેગિંગના નિયમોનું ચુસ્તપણે પાલન થાય તે જોવાની જવાબદારી જે તે સંસ્થાના ઇન્ચાર્જ/ આચાર્યશ્રીની રહેશે. જે વિદ્યાર્થી રેગીગ કરતા પકડાશે તો તેનો પ્રવેશ રદ થશે આ સૂચનાનો ચુસ્ત પણે અમલ કરવો.
28. બહારની યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ માટે ૫% ક્વોટા રાખવો જો જગ્યાઓ ખાલી હોય તો શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને મેરીટના આધારે તક આપવી.

**એમ.એ. - શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં -ઓપન -અનામત**

**૨૦૧૭-૧૮ પ્રથમ સેમેસ્ટરમાં મેરીટ યાદીઓના આધારે પ્રવેશ કાર્યવાહીનું સમય પત્રક**

| ક્રમ | કાર્યવાહી | એમ.એ. સેમ - ૧ |
|---|---|---|
| (૧) | કૉલેજો દ્વારા વિધાર્થીઓને પ્રવેશ ફોર્મનું વિતરણ | ૨૧/૦૬/૨૦૧૭ |
| (૨) | કૉલેજો દ્વારા પ્રવેશ ફોર્મ પરત સ્વીકારવા | ૨૧/૦૬/૨૦૧૭ થી ૦૩/૦૭/૨૦૧૭ |
| (૩) | ઓપન અને અનામત મેરીટ પ્રથમ યાદીની જાહેરાત | ૦૭/૦૭/૨૦૧૭ |
| (૪) | ઓપન અને અનામત પ્રથમ મેરીટ યાદીના વિદ્યાર્થીઓને ફી સ્વીકારવાનો સમય સવારે ૦૯:૦૦ થી ૦૧:૦૦ | ૧૦/૦૭/૨૦૧૭ થી ૧૪/૦૭/૨૦૧૭ |
| (૫) | ઓપન અને અનામત મેરીટની બીજી યાદીની જાહેરાત | ૧૪/૦૭/૨૦૧૭ |

# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
## (ગુજરાત એક્ટ નં.૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)
## Shri Govind Guru University
## ( Established vide Gujarat Act No. 24/2015)

સરકારી પોલિટેકનીક કેમ્પસ
ગદુકપુર, ગોધરા
જિલ્લો પંચમહાલ પિન કોડ 389001

Government Polytechnic Campus
Gadukpur, Godhara
Dist. Panchmahals Pin Code 389001

| | | |
|---|---|---|
| (૬) | ઓપન અને અનામત દ્વિતીય મેરીટ યાદીના વિદ્યાર્થીઓને ફી સ્વીકારવાનો સમય સવારે ૦૯:૦૦ થી ૦૧:૦૦ | ૧૪/૦૭/૨૦૧૭ થી ૧૮/૦૭/૨૦૧૭ |
| (૭) | જરૂર પડ્યે અનામત કેટેગરીની ખાલી સીટો માટે યુનિવર્સિટીની પૂર્વમંજુરી મેળવવી અને યુનિવર્સિટીની સુચના મુજબ આ સીટો ભરવી. | ૧૮/૦૭/૨૦૧૭ |
| (૮) | પ્રથમ વર્ષ સેમેસ્ટર-૧ નો શૈક્ષણિક પ્રારંભ | ૧૦/૦૭/૨૦૧૭ |

ઉપરોક્ત સૂચનાઓ તમામ અનુસ્નાતક સંસ્થાઓના વડાશ્રીએ અચૂક પાલન કરવાનું રહેશે.

કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
ગોધરા

કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
ગોધરા

પ્રતિ,
- શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી માન્ય તમામ એમ.એ. પી.જી.કેન્દ્રોના આચાર્યશ્રીઓ/પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.